| GJKT020009222022 | | દાખલ તારીખ | ૧૪/૦૩/૨૦૨૨ | | |
|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | ૧૪/૦૩/૨૦૨૨ | | |
| | | નિકાલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | 04 | 04 | 23. |

---

**ના.શ્રી ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી આર.એસ.સિંગલ) સાહેબની કોર્ટમાં, મુકામ : ભુજ-કચ્છ**

---

**<u>ફોજદારી પરચુ. અરજી નંબર : ૧૧/૨૦૨૨</u>**

**<u>આંક-બી/૫૦</u>**

નમ્રતાબા ડો./ઓફ જાલમસિંહ ઝાલા
વા./ઓફ અક્ષયરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
ઉ.વ. ૩૦, ધંધો-ઘરકામ
રહે. ભાગ્યોદય ભુવન, દાતાશર પીર ચોક,
કેમ્પ એરીયા, ભુજ-કચ્છ :::::::::: **અરજદાર**

<u>વિરુધ્ધ</u>

૧. અક્ષયરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
ઉ.વ. ૩૨,
ધંધો-પ્રાઈવેટ નોકરી (ઝીંદાલ શો પાઈપ)
૨. કૈલાસબા વીડો/ઓફ નરેન્દ્રસિંહ જાડેજા
ઉ.વ. ૫૪, ધંધો-ઘરકામ
૩. યોગીરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
ઉ.વ. ૨૮,
ધંધો-પ્રાઈવેટ નોકરી (મુંદરા પોર્ટ)
તમામ રહે. પત્રી,
તા. મુંદરા-કચ્છ ::::::::: **સામાવાળા**

---

બાબત : કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ મેળવવાના કાયદાની કલમ-૧૨ તળેની અરજી

---

અરજદાર તરફે : વિધ્વાન વકીલ શ્રી એમ.ટી.ગઢવી
સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી સી.એચ.આચાર્ય

---

ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

-:: ચુકાદો ::-

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સામાવાળા નં.૧ સાથે તેણીના લગ્ન તા.૧૮/૨/૨૦૧૮ ના રોજ જ્ઞાતિના રિવાજ મુજબ થયેલા. લગ્નજીવનથી કોઇ સંતાન થયેલ નથી. લગ્ન બાદ સંયુકત કુટુંબમાં પતિ, સાસુમા, દિયર અને દાદી સાસુ સાથે ગામ પત્રી રહેતા હતા.

(૧.૨) અરજદારના પતિ સામાવાળા નં.૧ નાઓ મુંદરા ખાતે ઝીંદાલ શો પાઇપમાં નોકરી કરી મહિને રૂા.૨૦,૦૦૦/- કમાય છે. સામાવાળાઓ તેણીના અનુક્રમે પતિ, સાસુ, દિયર થાય છે. સામાવાળા નં.૩ કામ કરી મહિને રૂા.૧૭,૦૦૦/- કમાય છે. દાદી સાસુના પતિ એકસ આર્મીમેન હોઇ તેનું પેન્શન મળે છે.

(૧.૩) લગ્ન બાદ તેણી દોઢ માસ સંયુકત કુટુંબમાં રહેલ બાદ રીવાજ મુજબ બે માસ માટે આણુ વાળવા ભુજ માવિત્રે આવેલ. માવિત્રો તરફથી લગ્નમાં તથા આણામાં તેણીને રીવાજ મુજબ ૧૫ થી ૧૮ લાખ રુપિયાનું કરીયાવર આપેલ છે. આણુ વાળી સાસરે પરત આવતા સામાવાળાઓ ભેગા મળી તેણીને નાની નાની વાતોમાં મેણા ટોણા મારતા અને કહેતા કે તારા ઘરેથી દહેજ ઓછુ લઇ આવેલ છો, અમારી માંગણી પ્રમાણે તારા પિતા પાસેથી વધુ દહે લેતી આવજે. આ બાબતે તેણી સામાવાળાઓને વિનંતી કરી આવુ સારુ ના લાગે તેમ કહેતા સામાવાળાઓ ભેગા મળી ઉશ્કેરાઇ જઇ તેણીને મારકુટ કરતા. જે તેણી સહન કરેલ. આ બાબતે પરિવારને વાત કરતા બધુ બરાબર થઇ જશે તેમ જણાવતા. પરંતુ સામાવાળાઓનું વર્તન ખુબ જ ત્રાસદાયક હતો. અરજદારના માવિત્ર સામાન્ય વર્ગના છે અને લોન લઇ ઉછીના પૈસા લઇ આણુ કરેલ છે.

(૧.૪) તા.૧૪/૬/૨૦૧૮ ના રોજ સામાવાળાઓ એકસંપ કરી અરજદારને મારકુટ કરી બળજબરીથી મારી નાખવાના ઇરાદે ઝેરી દવા પીવડાવી દીધેલ. જેથી તેમની તબિયત લથડી જતા તેમને એકોર્ડ હોસ્પિટલ



JUDGMENT
ભુજ ખાતે દાખ
સાસરી પક્ષ ત
ફરીયાદ

ભુજ ખાતે દાખલ થવુ પડેલ જેના પેપર્સ સામેલ રાખેલ છે. આ બાબતે સાસરી પક્ષ તથા માવિત્ર પક્ષની બદનામી ન થાય તે માટે આ અંગે કોઇ ફરીયાદ કરેલ નથી. બધુ સહન કરતા આવેલ છે જે આ હકીકત પારથી સાબીત થાય છે કે સામાવાળાઓએ ભેગા મળી કેટલી હદે માનસિક ત્રાસ ગુજારેલ છે. ત્યારબાદ અરજદારને પિતાજી ઘરે લઇ ગયેલા અને તે સમયે સામાવાળાઓ તરફથી કોઇ પુચ્છા કે દરકાર કે દેખભાળ કરેલ નહીં.

(૧.૫) ત્યારબાદ ડીસે–૨૦૨૦ ના રોજ સામાવાળા નં.૧ તેઓના પરિવારને ફોન કરેલ કે તમો તમારી દિકરીને મુકી જવા જણાવતા ઘર સંસાર ન બગડે તે હેતુથી તેમને સાસરે મુકી ગયેલા. બાદ ત્રણ માસ સુધી સાસરે ભેગા રહેલ બાદ અરજદારને જુદા મુકી દીધેલા ત્યાં એક માસ અલગ રહેલ તે દરમ્યાન સામાવાળાઓ તેને માનસિક ત્રાસ આપતા અને નાની નાની વાતોમાં ફરી મેણા ટોણા મારવાનુ શરુ કરેલ અને ભેગા મળી તેણીને મારકુટ કરતા અને ખાવા પીવાનું પણ ન આપતા અને એક રુમમાં બંધ કરી પુરી બહાર ચાલ્યા જતા હતા. તા.૧૨/૩/૨૦૨૧ ના રોજ સામાવાળાઓ ઉશ્કેરાઇ જઇ વધુ દહેજ માટે મારકુટ કરવા લાગેલા અને અરજદારે બચાવ કરીને તેમની સુરક્ષા માટે નારી સુરક્ષાના ફોન નં.૧૮૧ પર ફરીયાદ આપેલ. જેથી મુંદરા પોલીસ આવી ને અરજદારને પુષ્કળ ઢોર માર મારેલ હોવાથી સારવાર માટે ભુજ જનરલ હોસ્પિટલમાં દાખલ કરેલ અને અરજદારની ફરીયાદ લીધેલ. સામાવાળાઓ વિરુધ્ધ ફરીયાદ આધારે કેસ દાખલ થયેલ છે.

(૧.૬) અરજદારે સામાવાળાઓ વિરુધ્ધ તા.૧૨/૩/૨૦૨૧ ના ફરીયાદ કરેલ ત્યારથી તેમને ઘરમાંથી મારી કુટી બહાર કાઢી મુકેલ છે તેમજ તેમનો તમામો સ્ત્રીધન તથા તમામ ચીજવસ્તુઓ સામાવાળાઓ પાસે છે. હાલે તેણી માવિત્રે રહે છે. સામાવાળાઓએ તેમની કોઇ સારસંભાળ કે ભરણપોષણ કરેલ નથી અને અવાર નવાર જુદા જુદા નંબરોથી ફોન કરી તેમજ અન્ય માથાભારે વ્યકિતઓ દ્વારા ધમકીઓ આપે છે અને કહે છે કે જો તુ વધુ દહેજ લઇ આવે તો અમો તેને લઇ જઇશું.

(૧.૭) સામાવાળા નં.૧ કંપનીમાં સારો હોદો ધરાવે છે અને મહિને રૂા.૨૦,૦૦૦/- થી વધુ કમાય છે અને સામાવાળાઓના ગામ પત્રી મધ્યે અન્ય બે મકાનો તથા ખેતીની જમીન આવેલ છે તેમજ સામાવાળા નં.૧ અને ૩ ના દાદીમા અને નં.૨ ના સાસુમા કે જેઓના પતિનું અવસાન થતા તેમનું ફેમીલી પેન્શન મળે છે. સામાવાળાઓ સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે.

(૧.૮) આમ ઉપરોકત હકીકતોએ સદરહુ કાયદાની કલમ-૧૮ હેઠળ રક્ષણનો હુકમ થવા, કલમ-૧૯ હેઠળ રહેઠાણનો હુકમ થવા, કલમ-૨૦ હેઠળ નાણાકીય રાહત મંજુર કરવા જેમાં માનસિક યાતના આપેલ છે તેના વળતર પેટે માસ્કિ રૂા.૨૦,૦૦૦/- લેખે ચડયા ચડયે તાત્કાલ્કિ ધોરણે વચગાળાની રાહત તરીકે ચુકવી આપે તેવો હુકમ થવા તથા કપડા દવા વગેરે પરચુરણ જરૂરીયાત તથા ઘરખર્ચ પેટે દર મહિનાના રૂા.૧૦,૦૦૦/- ચડયે ચડયા ચુકવી આપે તથા કલમ-૨૨ હેઠળ વળતર માટે રૂા.૧૦,૦૦૦/- માંગેલ છે જે કલમ-૨૦ હેઠળ માંગેલ હોઇ આ કલમ હેઠળની દાદ જતી કરે છે. વધુમાં તેમનો તમામ સ્ત્રીધન તથા ચીજવસ્તુઓ સામાવાળા પાસેથી અપાવવા યોગ્ય હુકમ થવા અરજ કરેલ છે. આમ નાણાકીય રાહત દર મહિને ચડયા ચડે અરજદારને સામાવાળા ચુકવી આપે તેવો હુકમ થવા તથા તેમજ રક્ષણ આપવા તથા મળી શકતી રાહત દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદરહુ અરજી રજુ થતા પ્રોટેકશન ઓફીસરશ્રીનો રીપોર્ટ મંગાવવાનો હુકમ થયેલ. જે અન્વયે તેઓ તરફથી રીપોર્ટ રજુ થયેલ છે જ આંક-૬ થી રજુ છે. જે વંચાણે લેતા અરજદારની તરફેણમાં હકારાત્મક રીપોર્ટ આવેલ છે.

આ કામે અરજદાર તરફે આંક-૮ થી અને સામાવાળા તરફે આંક-૯ થી બિડાણ-૧, બીનકૃષી હોય તેવી વ્યકિતની મિલ્કત અને જવાબદારીઓનું સોગંદનામું રજુ થયેલ છે. જે વંચાણે તથા ધ્યાને લીધા.

ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

(૩) સામાવાળાને નોટીસ બજતા તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને અરજીનો જવાબ આંક-૧૧ થી આપેલ છે. જેમાં અરજદારની અરજીની મહત્વની હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેમના ઉપર દબાણ લાવવા ખોટો કેસ કરેલ છે. જે કેસમાં તેમના પર કોઇ ગુન્હો પુરવાર થયેલ નથી. વધુમાં સામાવાળાની આવક અરજદારે જણાવેલ છે જેના આધારો રજુ કરેલ નથી અને માત્ર મોઘમમાં જણાવેલ છે. તેમજ પોતાનો ખર્ચ અને પોતાની આવક વિશે ખોટી માહિતી આપેલ છે. અરજદાર કોઇ જ ભાડાના મકાનમાં રહેતા નથી. સામાવાળાઓ સંયુકત પરિવારમાં ભાડાના મકાનમાં રહે છે. તેઓએ અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપેલાની હકીકત ખોટી છે. તેઓએ કોઇ દહેજની માંગણી કરેલ નથી તેમજ કરિયાવર સંબંધે સાફ ના કહેલ હતી. અરજદારના પિતાજી સ્વેચ્છાએ જે પહેરામણી કરેલ છે તે તમામ અરજદારના કબજામાં છે. અરજદારના માતુશ્રી વખતોવખત તેઓના ઘરે આવી રોકાતા ત્યારે અરજદારને સતત કાન ભંભેરણી કરતા અને અરજદાર તેમ કરતા. સમાધાન વખતે તમામ પ્રયત્નો કરવા તૈયારી બતાવેલ પરંતુ અરજદાર પક્ષે ખોટા વિવાદ પેદા કરી સમાધાન નિષ્ફળ બનાવેલ. અરજદારને છુટાછેડા લેવાનું સતત જણાવે છે અને મોટી રકમ મેળવવાની માંગણી કરેલ છે. તેમજ સામાવાળા પાસે અરજદારની કોઇ જ ચીજવસ્તુઓ રહેલ નથી અને તેમ છતાં રહી ગયેલ હોય તો લેવા આવવા જણાવેલ પરંતુ તે વાતને ધોળીને પી ગયેલ. અરજદારને ઘર વસાવવામાં રસ રહેલ નથી. વધુમાં તેઓ એટલુ કમાતા નથી કે અરજદારે માણેલ મોજશોખ પુરા પાડી શકે. જે કાંઇ કમાતા તે અરજદારને આપતા અને પુરો સમય આપતા. તેમના પર તેમના માતુશ્રી અને ભાઇની પણ જવાબદારી રહેલ છે. તેઓ સંયુકત કુટુંબમાં રહે છે. અરજદારની માંગણી અલગ રહેવાની હતી જે પણ કરેલ પરંતુ અરજદાર સંતુષ્ટ રહેલ નહીં. વધુમાં દવા પીવડાવાની વાત જણાવે છે તે અંગે જણાવવાનું કે એફ.આઇ.આર. અને ચાર્જશીટમાં કે અહેવાલમાં આવો કોઇ જ આક્ષેપ ન હતો. ખોટી રીતે ગંભીર હકીકત ઉપજાવી કાઢેલ છે. બનાવના દિવસે સામાવાળા નં.૧ નાઓ

નોકરીએ ગયેલ હતા. સામાવાળાના ભાઇ અને માતા તેઓની અલગ રહે છે તે સમયે કોઇ હાજર ન હતું. અરજદાર તેઓને ખોટી રીકે ફસાવવા માંગ છે. તેઓ વિરુધ્ધ કોઇ પુરાવો આવેલ નથી કે દવા પીવડાવેલ હોય તેવો પણ કોઇ પુરાવો નથી અને ગંભીર ગુનો નોંધાયેલ નથી. આમ અરજદાર તેઓ સામે દબાણ લાવવા ખોટી અરજી ફરીયાદ દાખલ કરતા આવેલ છે. અરજદારને આજની તારીખે બધુ ભુલીને સ્વીકારવા તૈયાર છે અને ઘર વસાવવા તૈયાર છે પરંતુ અરજદારને તેઓ સાથે ઘર વસાવવો જ નથી અને માત્ર હેરાન પરેશાન કરવા છે. તેઓએ કોઇ સ્ત્રીધન પચાવી પાડેલ નથી. લગ્ન બાદ થોડા સમય સાથે રહયા બાદ અરજદારની જીદ વશ ભાડે અલગ મકાનમં રહેતા હતા ત્યારે અરજદારે સ્ત્રીધન પોતાની પાસે જ રાખેલ છે. વધુમાં અરજદારે મુંદરા પો.સ્ટે. માં જે ફરીયાદ કરેલ છે તેમાં આઇ.પી.સી. કલમ-૪૦૬ નો ગુનો રેકર્ડ કરેલ નથી. અરજદાર અલગ થયા બાદ સામાવાળા તે ઘરમાં રહેતા નથી અને મકાન બંધ હાલતમાં રહેલ છે અને મકાન તથા કબાટની ચાવી અરજદારે પોતા પાસે રાખેલ છે જે ખોઇ દીધેલ છે. અરજદારને તેઓ સાથે રહેવું ન હોય અને છુટાછેડા જોઇતા હોઇ સમાધાનના કોઇ પ્રયત્ન કરવા છતાં કોઇ સહકાર આપેલ નથી. પરિવારના કે સામાજીક અગ્રણી સાથે આવીને લઇ જાય તેવું જણાવેલ પરંતુ અરજદાર અને તેમના માતુશ્રીએ કોઇ સમર્થન આપેલ નહીં. આમ ખોટી હકીકતોવાળી અરજી કરી ખોટા કેસમાં ફસાવેલ છે. તેઓએ તેમનો કોઇ ત્યાગ કરેલ નથી પરંતુ સ્વેચ્છાએ ત્યાગ કરેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે સ્ત્રી વિના કારણે પતિનો ત્યાગ કરે હકીકત પુરવાર ન કરી શકે તો તે કાયદાથી મળતી કોઇ પણ પ્રકારની રાહત દાદ મેળવવા હકકદાર ઠરી શકે નહીં. અરજદારની સદર કાયદા હેઠળ કરેલ અરજી તદન ખોટી હોઇ અરજી ખર્ચ સહિત રદ થવા અરજ કરેલ છે. વધુમાં વિપરીત હકીકતો અરજીમાં જણાવેલ છે અને પોલીસ કેસ ઉપર આધાર રાખી હાલની અરજી કરેલ છે જેથી પોલીસ કેસની ઇન્સાફી કાર્યવાહી હજુ પેન્ડીંગ છે. જેથી અરજદાર જાતે સાબીત કરે.

(૪) અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

| ક્રમ | પુરાવાનું વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું પુરાવાનું સોગંદનામું | ૧૪ |
| ૨. | અરજદારના મેડીકલ બીલની નકલ | ૨૨ |
| ૩. | હોસ્પિટલના બીલ કુલ પાંચ | ૨૩ થી ૨૭ |
| ૪. | ફાઇનલ બીલ તથા ડીસ્ચાર્જ સમરી અસલ | ૨૮, ૨૯ |
| ૫. | ડીસ્ચાર્જ બીલ અસલ | ૩૦ |
| ૬. | લેબ રીપોર્ટ અસલ | ૩૧ |
| ૭. | ઓપીડી કેસ પેપર્સ અસલ | ૩૨ |
| ૮. | સોનોગ્રાફી રીપોર્ટ સમરી અસલ | ૩૩ |
| ૯. | લગ્ન કંકોતરીની નકલ | ૩૪ |
| ૧૦. | અરજદારે તા.૧૨/૩/૨૦૨૧ ના રોજ પોલીસમાં કરેલ ફરીયાદ અરજીની નકલ | ૩૫ |
| ૧૧. | મુંદરા પો.સ્ટે. ગુ.ર.નં.૦૧૭૫/૨૧ વાળી એફ.આઇ.આર. ની નકલ | ૩૬ |
| ૧૨. | સદરહુ એફ.આઇ.આર. સંબંધે થયેલ ચાર્જશીટની નકલ | ૩૭ |
| ૧૩. | અરજદારના આધાર કાર્ડની નકલ | ૩૮ |

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી અને વધુ પુરાવો આપવા માંગતા નથી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે.

(૫) સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ થયેલા છે.

| ક્રમ | પુરાવાનું વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.૧ નું પુરાવાનું સોગંદનામું | ૨૯ |

ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી અને વધુ પુરાવો આપવા માંગતા નથી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે. સામાવાળા તરફે કોઇ પણ જાતનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળી. જેમાં અરજદારે પોતાની અરજી તથા પુરાવા મુજબની હકીકતો જણાવી અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬.૧) જયારે સામાવાળા તરફે લેખિત દલીલ થયેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાના જવાબ મુજબની હકીકત જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે અરજદારે ફેમીલી કોર્ટમાં ભરણપોષણ માટે ફો.પ.અ.નં.૩૪૧/૨૩ થી અરજી કરેલ હતી જેમાં તા.૭/૫/૨૦૨૬ ના રોજ માસિક રૂા.૬,૦૦૦/- નો હુકમ થયેલ છે જે રકમ તેઓ ચુકવે છે. વધુમાં તેઓ સામાવાળા ઉપર વૃધ્ધ માતાની સંપુર્ણ જવાબદારી રહેલ છે અરજદારને ભરણપોષણ મળે છે. આમ હાલના કાયદામાં માંગેલ ખાધાખોરાકી એકબીજાના પુરક છે જેથી આ કાયદા તળે કોઇ પણ ભરણપોષણ મળી શકે નહીં. વધુમાં **નામદાર સુપ્રીમ કોર્ટે ''પ્રિતી ગુપ્તા અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ** વાળા ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે, પતિ વિરુધ્ધ ક્રુરતાના આક્ષેપો સાબીત કરવા માટે પોલીસ ફરીયાદ મુજબના આક્ષેપો સાબીત કરવા જોઇએ, અને જો તે આક્ષેપો સાબીત ન થાય તો ક્રુરતા સાબીત ન થઇ કહેવાય. તે માટે **એ.આઇ.આર. ૨૦૧૦ સુપ્રીમ કોર્ટ પાના નં.૩૩૬૩** નો ચુકાદો રીપોર્ટેડ થયેલ છે. જે ચુકાદા પર આધાર રાખે છે જે હાલના કેસને લાગુ પડે છે. આમ ઉપરોકત હકીકતો ધ્યાને લઇ અરજદારની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) સદરહુ અરજીના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

**-:: મુદાઓ ::-**

૧. શું અરજદાર સાબીત કરે છે કે, સામાવાળાઓએ અરજદારને મારઝુડ કરી, શારીરિક તથા માનસિક દુ:ખ ત્રાસ આપી સદર કાયદાની કલમ-૩ મુજબની હિંસા આચરીને ઘરની બહાર કાઢી મુકી ઘરેલુ હિંસા આચરેલ છે ?

૨. શું અરજદાર સામાવાળા વિરુધ્ધ અરજીમાં જણાવ્યા મુજબ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**નિર્ણય :-** ૧. હકારમાં

૨. અંશત: હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદા નં. ૧ તથા ૨ ની ચર્ચા :-**

(૯) આ કામે રેકર્ડ ધ્યાને લીધું. બંને પક્ષોની રજુઆત સાંભળી. બંને પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો. આ કામે પુરાવાનું વિશ્લેષણ કરીએ તો સામાવાળાને નોટીસ બજતા તેઓ વકીલશ્રી મારફતે હાજર રહેલ છે. અરજીના ન્યાય નિર્ણય અગાઉ પક્ષકારોનો પુરાવો ટુંકમાં ધ્યાને લેવો જરુરી જણાય છે.

(૧૦) અરજદારે તેમના આંક-૧૪ ના સોગંદનામામાં અરજી મુજબની હકીકત જણાવેલ છે. સામાવાળા તરફે તેઓની ઉલટતપાસ થયેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેણીએ કબુલ કરેલ છે કે સગાઇ અને લગ્ન વચ્ચે એક વર્ષનો સમયગાળો હતો અને તે દરમ્યાન તેઓ એકબીજાને મળતા જેથી સારી રીતે ઓળખતા હતા. તેઓએ કબુલ કરેલ છે કે તેમણે રાજીખુશીથી લગ્ન

કરેલા અને લગ્ન બાદ સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેતા હતા. તેણી દસ ધોરણ સુધી ભણેલ છે. તેઓએ કબુલેલ છે કે તેણી ભુજ શહેરમાં જ મોટી થયેલ છે, ગામ પત્રી તા. મુંદરા એ ગામડુ છે. તેઓએ કબુલ કરેલ છે કે તેમને સામાવાળાએ દવા પીવડાવેલી તે હકીકત હોસ્પિટલમાં કે પોલીસમાં તેમણે જણાવેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણી રાજપુત સમાજથી છે અને તેઓમાં ઘરમેળે સમાજની હાજરીમાં સમાધાન થઇ જાય તેવી શકયતા હોઇ તે હેતુથી આ બાબતની ફરીયાદ કરેલી નહીં. તેણીએ કબુલ કરેલ છે કે સમાધાન થતા તે પરત સાસરીમાં ગયેલ. બાદ ચારેક મહિના સંયુકત કુટુંબમાં રહેલ અને બાદ તે અને તેના પતિ બાજુમાં અલગ રહેવા ગયેલ. તેઓએ કબુલ કરેલ છે કે તેઓ પતિ–પત્નીનું જીવન સુખ શાંતિથી અલગ જીવતા હતા. તેણીએ જણાવેલ છે કે જો બંને પક્ષકારોની હાજરીમાં મકાનનું તાળુ ખોલી સામાન લેવાનો પ્રશ્ન આવે તો તેમને કોઇ વાંધો નથી પરંતુ તે જાણે છે કે આ સામાન મકાનમાં નથી. તેણીને આ સંદર્ભે પોલીસ પ્રોટેકશન મળે તો જવાબ તૈયાર છે કારણ કે તેમને અને તેમના પરિવારના સભ્યોને જોખમ છે. તેણી બ્યુટી પાર્લરનુ કામકાજ જાણતી નથી અને આ અંગે સહિયર બ્યુટી પાર્લરમાંથી કોર્સ કરેલો નથી. તેઓએ કબુલ કરેલ છે કે તેમણે પતિના આવકના કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. તેણીએ કબુલેલ છે કે સામાવાળા વિરુધ્ધ તેણીએ શારીરિક માનસિક ત્રાસની ફોજદારી ફરીયાદ કરેલ છે અને ફરીયાદ હાલમાં કોર્ટમાં પેન્ડીંગ છે. તેણીએ કબુલ કરેલ છે કે સામાવાળા તેમને લઇ જવા તૈયાર હોય તો જવા તૈયાર નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના જીવને જોખમ હોવાથી જવા તૈયાર નથી. તેણીએ કબુલ રેલ છે કે સામાવાળા પતિ મુંદરા ભાડે મકાનમાં રહે છે અને તેણી પિતાજી સાથે સંયુકત કુટુંબમાં રહે છે, સામાવાળાના ફેમીલી કરતા તેમના માતા પિતાનું પરિવાર સધ્ધર છે.

(૧૧) વધુમાં આ કામે સામાવાળા નં.૧ નાએ આંક–૨૯ થી પુરાવાનું સોગંદનામું આપેલ છે જેમાં જવાબની હકીકતો જણાવેલ છે. તેઓની અરજદાર તરફે ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે અરજદાર

તેમના પત્ની છે અને તેઓના લગ્ન થયેલા છે. લગ્ન બાદ સંયુકત કુટુંબમાં રહેતા હતા. લગ્ન જીવન થોડો સમય સારુ ચાલેલ. તેઓ થોડા સમય માટે અલગ રહેવા પણ ગયેલા. તેઓએ કબુલ કરેલ છે કે તા.૧૪/૭/૨૦૧૮ ના રોજ તેઓના ઘરમાં મોટો ઝઘડો થયેલ હતો. તેઓએ સ્વીકારેલ છે કે તા.૧૪/૭/૨૦૧૮ ના રોજ તેમના પત્ની એકોર્ડ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા, હોસ્પિટલમાં તેમના પત્નીના માવિત્રો પણ આવેલ હતા. હાલ તેમના પત્ની તેના માવિત્રે છેલ્લા આશરે ત્રણેક વર્ષથી રહે છે. તેઓ વચ્ચે સમાધાન થયેલ ત્યારે ચારેક મહિના જેટલુ સાથે રહેલા. તેઓએ સ્વીકારેલ છે કે તા.૧૨/૩/૨૦૨૩ ના રોજ તેમના ઘરે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન પોલીસવાળા આવેલ હતા. તેઓએ કબુલેલ છે કે તે દિવસે અરજદારે તેમના અને તેમના પરિવાર વિરુધ્ધ મુંદરા પો.સ્ટે. માં ફરીયાદ આપેલ. તેઓએ કબુલ કરેલ છે કે તા.૧૨/૩/૨૦૨૩ ના રોજ થયેલ ઝઘડા પછી પણ તેમના પત્ની જી.કે.જનરલ હોસ્પિટલ ભુજમાં દાખલ થયેલ હતા. તેઓ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે સ્ત્રી ધનની બધી વસ્તુ તેમના પાસે છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફર્નીચર અને બીજી મોટી મોટી વસ્તુ તેમના પાસે છે. તેઓએ સ્વીકારેલ છે કે તેમના પત્ની માવિત્રે હતી ત્યારે ઘણા સમાધાનના પ્રયત્ન થયેલ હતા. હાલે તે જીંદાલ કંપનીમાં દસ વર્ષથી નોકરી કરે છે. એ હકીકતનો ઇન્કાર રેલ છે કે હાલ તેમને પચાસથી સાઇઠ હજાર જેટલો પગાર છે. તેઓ પોતાના બેંક સ્ટેટમેન્ટ કોર્ટમાં રજુ કરી શકે. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે તેમના પોતાના માલિકીના મકાન ગામ પત્રી મુકામે આવેલા છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સદર મકાન તેમના દાદાની માલિકીનું છે. તેઓએ કબુલ કરેલ છે કે તેમના માતા ભાઇ સાથે રહે છે. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે પત્રી મુકામે તેઓ સાઇઠ સીતેર એકર જમીન ધરાવે છે.

**<u>પુરાવાની ચર્ચા :-</u>**

(૧૨) આ કામે પુરાવાની ચર્ચા કરીએ તો અરજદાર અને સામાવાળા નં.૧ નું લાંબુ લગ્ન જીવન છે. લગ્નજીવનથી સંતાન થયેલ નથી.

ઉલટતપાસમાં પણ સામાવાળાએ અરજદાર સાથે લગ્ન થયેલ હોવાનું અને અરજદાર પત્ની હોવાનું કબુલ કરેલ છે. આમ લગ્નજીવન સંબંધે બંને પક્ષકારો તરફે કોઇ તકરાર નથી.

(૧૨.૧) અહીં, લગ્નજીવન એ સ્વીકૃત બાબત છે. ભારત એ સંસ્કૃતિનો દેશ છે, જયાં મોટા ભાગે સ્ત્રી એ ઘરનું અંગ હોય છે. જે નાછુટકે તથા અત્યંત વધારે સહન ન થઇ શકે તેવો ત્રાસ હોય તો જ પોલીસ, સ્વૈચ્છીક સંગઠનો કે કોર્ટનો દરવાજો ખખડાવે. આ કામે અરજદારે પોતાના મૌખિક પુરાવામાં સામાવાળા તરફથી મારકુટ કરી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો અને દહેજ બાબતે મેણા ટોણા મારી ત્રાસ આપવામાં આવતો તેવી હકીકત જણાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેને સામાવાળાઓએ તેને ઝેરી દવા પીવડાવતા તેણે સારવાર લીધેલ તેમજ અત્યંત ઢોર માર મારતા મુંદરા પોલીસમાં ફરીયાદ આપેલ તેમજ ઘરે ૧૮૧ પણ આવેલ તેવી હકીકત જણાવેલ છે. જેના સમર્થનમાં તેઓએ આંક-૩૫ થી ૩૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે જેમાં તેણીએ અરજી આપેલ તથા એફ.આઇ.આર. પણ નોંધાવેલ જેની નકલ આ કામે રજુ રાખેલ છે તેમજ તેના અનુસંધાને તપાસ બાદ સામાવાળા સામે ચાર્જશીટ પણ થયેલ છે. વધુમાં તેણીએ સારવાર લીધેલ છે તે સંબંધેના પેપર્સ પણ આંક-૨૨ થી ૩૩ સુધી રજુ રાખેલા છે. આમ અરજદારને સામાવાળાઓ તરફથી દુ:ખ ત્રાસ અપાતો હોવાનું અને મારકુટ કરતા હોવાનું અને શારીરિક માનસિક તકલીફ આપતા હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં સામાવાળાએ અરજદારે સારવાર લીધેલ હોવાની હકીકત અને અરજદારની ફરીયાદ આધારે તેઓના ઘરે ૧૮૧ આવેલ તેવી હકીકત સ્વીકારેલ છે. આમ સામાવાળાના પુરાવાથી પણ અરજદારની હકીકતોને સમર્થન મળે છે. સામાવાળા અરજદારની હકીકતોનું કોઇ પણ રીતે ખંડન કરી શકેલા નથી. વધુમાં સામાવાળા તરફેના પુરાવામાં પણ વિરુધ્ધની હકીકત બહાર આવેલ નથી.

ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

(૧૨.૨) વધુમાં અરજદાર તથા સામાવાળાના પુરાવાથી તેઓ સંયુકત કુટુંબમાં રહેતા હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં આંક-૩૬ અને ૩૭ થી એફ.આઇ.આર. અને ચાર્જશીટ રજુ થયેલ છે જે વંચાણે લેતા હાલના સામાવાળાઓ સામે ફરીયાદ આપેલ છે અને તપાસ દરમ્યાન ચાર્જશીટ થયેલ છે. આમ સામાવાળાઓ સામે સદરહુ આક્ષેપો અરજદારે કરેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં અરજદારે તેમના પુરાવામાં જણાવેલ છે કે સામાવાળાઓએ તેને ઘરમાંથી મારી કુટી પહેરેલ કપડે કાઢી મુકતા તેણી ત્રણેક વર્ષથી પોતાના માવિત્રના ઘરે રહેલ છે અને તે દરમ્યાન કોઇ ભરણપોષણ આપેલ નથી કે સારસંભાળની દરકાર લીધેલ નથી. તેમજ સામાવાળાઓએ પણ આવી કોઇ દરકાર લીધેલ હોય કે ભરણપોષણ આપેલ હોય કે તેવી કોઇ વિશેષ વ્યવસ્થા પણ આ સમય દરમ્યાન કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી કે તેવા કોઇ પુરાવા રજુ રાખેલા નથી. ભારતીય સમાજ પ્રણાલીમાં કોઇ પણ સ્ત્રી વગર કારણે તેના પતિ કે સાસરીયા વિરુધ્ધ ત્રાસ સબબનું પગલુ સામાન્ય સંજોગોમાં ભરતી નથી. જે પ્રમાણે પણ સામાવાળાનો કેસ માનવાલાયક જણાતો નથી. અરજદારે જણાવેલ છે કે સામાવાળાઓએ તેને ઝેરી દવા પીવડાવી તેની સારવાર લીધેલ અને તેવી હકીકત ડોકટર સમક્ષ જાહેર કરેલ નથી કારણ કે તેનું ઘરસંસાર ન બગડે અને સમાજમાં ખરાબ ન લાગે. વધુમાં સમાધાનના ઘણા પ્રયત્નો થયેલા અને અરજદાર પરત સાસરે આવતા અને ત્યારબાદ પણ થોડો સમય બાદ ત્રાસ આપવામાં આવતો હોવાની હકીકત પણ રજુ થયેલ છે. આમ કોઇ પણ કારણે પોતાના પતિના ઘરનો ત્યાગ કરી માવતરે ઓશીયાળુ જીવન વિતાવવુ પસંદ કરે નહીં. આ કામે સદર કાયદાની કલમ મુજબનો ત્રાસ સામાવાળા વારંવાર આચરતા આવેલ હોવાનું જણાઇ આવે છે. આમ, અરજદારને શારીરિક માનસિક ત્રાસ ન હોય તેવું માની શકાય તેમ નથી અને તેથી એ હકીકત માનવા પુરતા અને વ્યાજબી કારણ જણાય છે કે સામાવાળાઓએ અરજદારને મારઝુડ કરી, મેણા ટોણા મારી, દહેજ લઇ આવવાનું જણાવી શારીરિક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ છે. આમ અરજદાર સામાવાળાઓ દ્વારા થયેલ ઘરેલુ હિંસાનો ભોગ બનેલ

હોવાનું સાબીત થયેલ છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૩) આ કામે સદર કાયદાની કલમ-૧૮ રક્ષણના હુકમ માટે ચર્ચા કરીએ તો તે મુજબ અરજદારની ઉકત અરજીની હકીકતો તથા પડેલ પુરાવો વંચાણે લેતા આ કામે પુરાવો જોતા અરજદારને સામાવાળા તરફે ત્રાસ એવો નથી કે સામાવાળા વિરુધ્ધ અરજદારને શારીરિક માનસિક ત્રાસ સંબંધે પ્રોટેકશનનો હુકમ કરવો જરુરી જણાય. વળી, સામાવાળા અલગ રહેતા હોવા સબબની ઉલટતપાસ જોતા તે રીતે રક્ષણ હુકમની કોઇ જરુર જણાતી નથી. અરજદારે જણાવેલ છે કે તેઓના જીવને જોખમ છે પરંતુ તે અંગે કોઇ અલગથી કોઇ ગુનો બનેલ હોય કે ફરીયાદ આપેલ હોય તેવી હકીકત રજુ થતી નથી. અરજદારની અરજી સંબંધેની હકીકતો જોતા અરજી મુખ્યત્વે ઘરખર્ચ, વળતર હુકમ તથા ભરણપોષણના હુકમ સંબંધેની જ જણાઇ આવે છે. જે સંબંધી અરજીની હકીકતો તથા પુરાવો પણ લક્ષમાં લેતા પણ કલમ-૧૮ મુજબની રક્ષણની દાદની જરુર જણાતી ન હોવાથી અરજીની તે સંબંધેની દાદ નામંજુર કરવામાં આવે છે.

(૧૩.૧) સદર કાયદાની કલમ-૧૯ હેઠળ રહેઠાણના હુકમ અંગે પડેલ પુરાવાને લક્ષમાં લઇને ચર્ચા કરીએ તો જણાય છે કે અરજદારને સામાવાળાએ કલમ-૩ માં સમાવેશ થઇ જાય તે મુજબનો ત્રાસ આપેલ છે. અરજીની હકીકતો મુજબ જયારથી અરજદાર સામાવાળાથી અલગ રહે છે ત્યારથી અરજદારને સામાવાળાએ પોતાના રહેઠાણે પરત તેડી લાવવા પુરતા પ્રયત્નો કરેલા હોવાનું રેકર્ડ પર આવેલ નથી કે સાબીત નથી અને વળી અરજદારના ઘરભાડા કે તે સાપેક્ષ કોઇ ખર્ચની કે અન્ય કોઇ વ્યવસ્થા કરેલ હોય તે પણ જણાઇ આવતું નથી. વળી, તે મુજબ જોવા જઇએ તો અરજદારના રહેઠાણની યોગ્ય અને પુરતી વ્યવસ્થા કરવાની જવાબદારી સામાવાળાના શીરે છે. તથા તે તેની તે મુજબની નૈતિક તેમજ કાયદેસરની ફરજ છે જેમાંથી તે છટકી શકે નહીં. કેસની હકીકતો તથા પક્ષકારો વચ્ચેની તકરાર તથા

ઉપરોકત ચર્ચા જોતા રહેણાંક સંબંધી સામાવાળા પતિ એ અરજદારને, અરજદાર જણાવે તે વિસ્તારમાં રહેવાની મકાન રહેઠાણ પુરતી વ્યવસ્થા કરી આપવી, વિકલ્પે માસિક રૂા.૧૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) ઘરભાડુ અરજી તારીખથી ચુકવવાનો આદેશ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

(૧૩.૨) સદર કાયદાની <u>કલમ-૨૦ હેઠળ ભરણપોષણ બાબત</u> પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે અરજદારને ધ પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૨૦ મુજબ અરજદાર ભરણપોષણ મેળવવા હકકદાર છે કે કેમ તે બાબતેની ચર્ચા પડેલ પુરાવા સાપેક્ષ જરુરી બને છે. અહીં લગ્નજીવન એડમીટ હોઇ, અરજદારના ભરણપોષણ કરવાની જવાબદારી એ સામાવાળા નં.૧ ના શીરે હતી, જેઓએ તે વખતોવખત નિભાવેલ નથી અને રસ્તે રઝડતા કરી દીધેલ છે. અરજદારે સામાવાળાની આવક જણાવેલ છે પરંતુ આવક સાબીત કરેલ નથી તેમજ તે અંગેના કોઇ આધાર પુરાવા રજુ રાખેલ નથી. વધુમાં મકાન અને ખેતીની જમીન હોવાનું જણાવે છે પરંતુ તેવા પણ કોઇ આધાર પુરાવા રજુ રાખેલા નથી. વધુમાં સામાવાળા તરફે પણ પોતાની આવક અંગેના કોઇ આધાર પુરાવા રજુ રાખેલા નથી. સી.આર.પી.સી. કલમ-૧૨૫ ના વિવિધ જજમેન્ટમાં જણાવેલ સિધ્ધાંત મુજબ સશકત શરીર એ પણ કમાવવાનું સાધન છે તથા વ્યકિત સાધુ, મુલ્લા કે સંત બની જવાથી પણ ભરણપોષણની જવાબદારીનો અંત આવતો નથી. પંજાબ હાઇકોર્ટે એટલે સુધી ઠરાવી દીધેલ છે કે પત્નીના ભરણપોષણ માટે સામાવાળાએ ભીખ માંગીને પણ ભરણપોષણ કરવું પડે. વળી, સામાવાળા તરફે મૌખિક પુરાવો રજુ છે પરંતુ તેમાં અરજદારની હકીકતોનું ખંડન થઇ શકે તેવી હકીકતો બહાર આવેલ નથી.

પરંતુ, આ કામે અરજદારે કલમ-૧૨૫ તળે ભુજ ફેમીલી કોર્ટમાં ભરણપોષણની અરજી કરેલ હતી જેમાં તેણીને માસિક રૂા.૫,૦૦૦/- નો ભરણપોષણ આપવાનો હુકમ થયેલ છે. આ હકીકત સામાવાળાએ તેઓની

ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ

દલીલમાં જણાવેલ છે. જે હકીકત અંગે અરજદાર તરફે કોઇ રજુઆત નથી. જે સંજોગોમાં અરજદારને ભરણપોષણની રકમ મંજુર થયેલ હોઇ સદરહુ દાદ તળે અલગથી હુકમ કરવો યોગ્ય જણાતો નથી. જેથી કલમ-૨૦ તળેની દાદ સંબંધેનુ ભરણપોષણ, અરજદાર કલમ-૧૨૫ થી મેળવતા હોઇ, સદરહુ દાદ મંજુર થઇ શકે તેમ નથી. જેથી કલમ-૨૦ તળેની દાદ નામંજુર કરવામાં આવે છે.

(૧૩.૩) અરજદારે કલમ-૨૨ હેઠળના વળતરના હુકમની દાદ જતી કરે છે તેવું પોતાની સોગંદ પરની અરજીમાં જણાવેલ છે. વધુમાં અરજદારે સ્ત્રીધન સંબંધેની હકીકત જણાવેલ છે પરંતુ શું શું વસ્તુઓ રહેલ હતી તેવી કોઇ હકીકત જણાવેલ નથી કે તેવા કોઇ પુરાવા રજુ રાખેલા નથી.

(૧૪) આમ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા અરજદાર પોતાની હકીકતો પોતાના પુરાવાથી સાબીત કરી શકેલ છે. જયારે સામાવાળા અરજદારની તમામ હકીકતોનું કોઇ પણ રીતે ખંડન કરી શકેલ નથી. સામાવાળા તરફે કોઇ પણ જાતનો દસ્તાવેજી પુરાવો રજુ નથી માત્ર મૌખિક પુરાવો રજુ કરેલ છે પરંતુ તેવા પુરાવાથી અરજદારની તમામ હકીકતોનું ખંડન થઇ શકેલ નથી. આમ અરજદારે સદરહુ મુદાની હકીકતો ઉપરોકત રીતે પુરવાર કરેલ છે. જે સંજોગોમાં મુદા નં.૨ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી, મુદા નં.૩ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

૧. અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. સદર કાયદાની કલમ-૧૮ તથા ૨૦ અન્વયેની દાદ નામંજુર કરવામાં આવે છે.

૩. સામાવાળા નં.૧ નાએ ધી પ્રોટેકશન ઓફ વીમેન ફ્રોમ વાયોલન્સ એકટની **કલમ-૧૯ મુજબ** અરજદારને રહેઠાણ મકાન અંગે અરજદાર જણાવે તે વિસ્તારમાં વ્યવસ્થા કરી આપવી અન્યથા વિકલ્પે તેણે

રહેણાંક મકાનના ઘરભાડા પેટે અરજી તારીખથી દર માસે **રૂા.૧,૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા)** નિયમીત ચડયે ચડયા અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સામાવાળા નં.૧ નાએ આ અરજી ખર્ચના રૂા.૧,૦૦૦/- (અંકે રુપિયા એક હજાર પુરા) ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

૫. આ હુકમની એક નકલ વિનામુલ્યે સદર કાયદાની કલમ-૨૪ અન્વયે અરજદાર તથા સામાવાળાઓને આપવી તથા અમલવારી સબબ એક નકલ પ્રોટેકશન ઓફીસરશ્રીને અને લગત પોલીસ મથકે મોકલવી.

હુકમ આજ તારીખ : ૦૬, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૮/૨૦૨૬
ભુજ-કચ્છ
MD

(અતુલ સતીશભાઈ સિંગલ)
ત્રીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ-કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)